सत्यमेव जयते

| | | |
|---|---|---|
| કેસ આવ્યા તારીખ | : | ૧૮/૧૨/૨૦૧૮. |
| કેસ દાખલ તારીખ | : | ૧૮/૧૨/૨૦૧૮. |
| કેસ નિકાલ તારીખ | : | ૩૧/૦૧/૨૦૨૫. |
| અવધિ | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૬ – ૦૧ – ૧૪ |
| આંક | : | |

**FORM - A**

## મે. સુરતના પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,

## મુકામ : બારડોલી.

(ચુકાદાની તારીખ : ૩૧/૦૧/૨૦૨૫)

**સેશન્સ કેસ નંબર : ૫૭/૨૦૧૮.**

| | |
|---|---|
| **પોલિસ સ્ટેશન** | માંડવી પોલિસ સ્ટેશન. |
| **ગુના રજિસ્ટર નંબર** | ફર્સ્ટ ગુના રજી. નંબર : ૯૬/૨૦૧૮. |
| **આક્ષેપિત ગુનાઓ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૧૧૪ મુજબ. |
| **ફરિયાદી** | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત) |
| **વિ. એ.પી.પી.** | શ્રી એન. એચ. પટેલ. |
| **આરોપીઓ** | (૧) અનીલભાઇ છનાભાઇ ચૌધરી.<br>(૨) વિરલભાઇ છનાભાઇ ચૌધરી.<br>(૩) છનીબેન છનાભાઇ ચૌધરી. |
| **આરોપીઓ તરફે વિ. વકીલ** | શ્રી જે. એસ. પારેખ. |

# FORM - B

| | | |
|---|---|---|
| **ગુનો બન્યા તારીખ** | **:** | ૦૭/૧૦/૨૦૧૮ ના કલાક ૦૧:૦૦ પહેલા. |
| **ફરિયાદની તારીખ** | **:** | ૦૭/૧૦/૨૦૧૮. |
| **ચાર્જશીટની તારીખ** | **:** | ૦૩/૧૨/૨૦૧૮. |
| **તહોમતનામું ફરમાવ્યાની તારીખ** | **:** | ૨૦/૦૨/૨૦૧૯. |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | **:** | ૧૨/૦૨/૨૦૨૧. |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | **:** | ૧૭/૦૧/૨૦૨૫. |
| **ચુકાદાની તારીખ** | **:** | ૩૧/૦૧/૨૦૨૫. |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | **:** | લાગુ પડતું નથી. |

## -:: આરોપીઓની વિગત ::-

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૧ નું નામ** | **:** | અનીલભાઇ છનાભાઇ ચૌધરી,<br>રહેવાસી : વદેશીયા ગામ, ઉપલું ફળીયું,<br>તાલુકો : માંડવી, જિલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | **:** | ૦૮/૧૦/૨૦૧૮. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૦૮/૦૧/૨૦૧૯. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૧૧૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ છોડવામાં આવ્યા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૯૨ દિવસ. |

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૨ નું નામ** | **:** | વિરલભાઇ છનાભાઇ ચૌધરી,<br>રહેવાસી : વદેશીયા ગામ, ઉપલું ફળીયું,<br>તાલુકો : માંડવી, જિલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | **:** | ૦૮/૧૦/૨૦૧૮. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૦૮/૦૧/૨૦૧૯. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૧૧૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ છોડવામાં આવ્યા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૯૨ દિવસ. |

| | | |
|---|---|---|
| **આરોપી નંબર : ૩ નું નામ** | **:** | છનીબેન છનાભાઇ ચૌધરી,<br>રહેવાસી : વદેશીયા ગામ, ઉપલું ફળીયું,<br>તાલુકો : માંડવી, જિલ્લો : સુરત. |
| **ધરપકડની તારીખ** | **:** | ૦૮/૧૦/૨૦૧૮. |
| **જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **:** | ૨૭/૧૨/૨૦૧૮. |
| **કયા ગુનાનો આક્ષેપ છે** | **:** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૧૧૪ મુજબ. |
| **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **:** | નિર્દોષ છોડવામાં આવ્યા. |
| **શું સજા કરી** | **:** | લાગુ પડતું નથી. |
| **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** | **:** | ૮૦ દિવસ. |

# FORM - C

## ફરિયાદપક્ષના મૌખિક પુરાવાઓની વિગત :–

| ક્રમ | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| (૧) | ગુમાનભાઇ ગુલાબભાઇ ચૌધરી. | ફરયાદી | ૧૩ |
| (૨) | સુમિત્રાબેન ધર્મેશભાઇ ચૌધરી. | પંચ સાહેદ | ૧૫ |
| (૩) | ધર્મેશભાઇ ગુમાનભાઇ ચૌધરી. | સાહેદ | ૧૭ |
| (૪) | પદમાબેન ગુમાનભાઇ ચૌધરી. | સાહેદ | ૧૮ |
| (૫) | નારસિંગભાઇ રવજીભાઇ ચૌધરી. | પંચ સાહેદ | ૨૦ |
| (૬) | ડૉ. હિતેષ કિશોરભાઇ ગાભાણી. | તબીબી અધિકારી | ૨૫ |
| (૭) | ઠાકોરભાઇ નગીનભાઇ તવડીયા. | પંચ સાહેદ | ૩૨ |
| (૮) | હર્મીસભાઇ ઠાકોરભાઇ સોલંકી. | પંચ સાહેદ | ૩૪ |
| (૯) | દુર્લભભાઇ ઉકકડભાઇ ચૌધરી. | સાહેદ | ૩૫ |
| (૧૦) | જાનુબેન દુર્લભભાઇ ચૌધરી. | સાહેદ | ૩૬ |
| (૧૧) | પારૂલબેન મિતુલભાઇ ચૌધરી. | સાહેદ | ૩૮ |
| (૧૨) | દિલ્પેશકુમાર જયંતિલાલ પ્રજાપતિ. | એફ.એસ.એલ. સાહેદ | ૩૯ |
| (૧૩) | પ્રવિણસિંહ શાંતુભા ગોહિલ. | પોલિસ સાહેદ | ૪૨ |
| (૧૪) | રંજનબેન ભીખુભાઇ ગાંવીત. | પોલિસ સાહેદ | ૪૪ |
| (૧૫) | સુદર્શનસિંહજી કરણસિંહજી વાળા. | તપાસ અધિકારી | ૪૬ |
| (૧૬) | જયેશકુમાર સુરેશભાઇ વળવી. | તપાસ અધિકારી | ૪૯ |
| (૧૭) | સોમાભાઇ લાલાભાઇ ડામોર. | સરકારી સાહેદ | ૫૦ |

## ફરિયાદપક્ષના દસ્તાવેજી પુરાવાઓની વિગત :–

| ક્રમ | દસ્તાવેજોની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરિયાદ. | ૧૪ |
| (૨) | ઇન્કવેસ્ટ પંચનામું. | ૧૬ |
| (૩) | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૨૧ |

| | | |
|---|---|---|
| (૪) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી. | ૨૨ |
| (૫) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી. | ૨૩ |
| (૬) | મુદ્દામાલમાંથી નીકળેલ પંચોની સહીવાળી કાપલી. | ૨૪ |
| (૭) | પી.એમ. નોટ. | ૨૬ |
| (૮) | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ. | ૨૭ |
| (૯) | પી.એમ. માટેની પોલસ યાદી. | ૩૧ |
| (૧૦) | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું. | ૩૩ |
| (૧૧) | બનાવ સ્થળનું નિરીક્ષણ કરવા અંગેની પોલિસ યાદી. | ૪૦ |
| (૧૨) | એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ. | ૪૧ |
| (૧૩) | અકસ્માત મોત અંગેના સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ. | ૪૩ |
| (૧૪) | સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ. | ૪૫ |
| (૧૫) | રવાનગી નોંધ. | ૪૭ |
| (૧૬) | કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ. | ૫૪ |
| (૧૭) | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર. | ૫૫ |
| (૧૮) | એફ.એસ.એલ.નો ઝેરશાસ્ત્ર વિભાગનો અહેવાલ. | ૫૬ |

## -:: ચુકાદો ::-

(૧) હાલના કેસના આરોપીઓ સામે આંક : ૫ થી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬,૧૧૪ મુજબના ગુનાઓનું તહોમતનામું છે.

(૨) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત જોઇએ તો એ મુજબની છે કે, આરોપીઓએ ભેગા મળી મરણ જનાર હંસાબેન અનિલભાઇ ચૌધરી સાથે અવારનવાર બોલાચાલી, ઝઘડો, તકરાર કરી મ્હેણાં-ટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ આપી મરી જવા માટે દુષ્પ્રેરણ કરતાં હંસાબેન તારીખ : ૦૭/૧૦/૨૦૧૮ ના રોજ રાત્રિના ૦૧:૦૦

વાગ્યા પહેલા હર કોઇ વખતે પોતાની સાસરીમાં ઝેરી દવા પી જઇ મરણ પામેલા. આ બનાવ અંગે ફરિયાદી ગુમાનભાઇ ગુલાબભાઇ ચૌધરીએ માંડવી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં માંડવી પોલિસ સ્ટેશન ફસ્ટ ગુના રજી. નંબર : ૯૬/૨૦૧૮ થી ગુનો નોંધવામાં આવેલ.

(૩) ત્યાર બાદ તપાસનીશ અધિકારીએ સદર ગુનાના કામે તપાસ કરેલ અને તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂદ્ધ પૂરતાં પુરાવા જણાતાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૧૧૪ મુજબના ગુનાઓનું ચાર્જશીટ માંડવીના વિ. એડી. ચીફ જયુ.મેજિ.શ્રીનાઓની કોર્ટમાં દાખલ કરેલું, જે ચાર્જશીટ ફોજદારી કેસ નંબર : ૧૨૩૮/૨૦૧૮ થી નોંધાયેલ.

(૪) ત્યાર બાદ માંડવીના વિ. એડી. ચીફ જયુ. મેજિ.શ્રી દ્ધારા આરોપીઓ વિરૂદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ. સેશન્સ કોર્ટને હોવાથી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૦૯ ની જોગવાઇ અન્વયે આરોપીઓ સામેનો ફોજદારી કેસ એડીશ્નલ સેશન્સ કોર્ટ, બારડોલી તરફ કમીટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નંબર : ૫૭/૨૦૧૮ આપવામાં આવેલ.

(૫) આ કામના આરોપીઓ સદર ગુનાના કામે જામીન ઉપર મુકત થયેલા છે. આરોપીઓ મુદતે કોર્ટમાં હાજર રહેતાં તેઓને ચાર્જશીટનાં કેસ પેપર્સની નકલો વિનામૂલ્યે મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ આંક : ૫ થી

તહોમતનામું ફરમાવી આરોપીઓને તે વાંચી, સંભળાવી, સમજાવી આરોપીઓનો અનુક્રમે આંક : ૬ થી ૮ સુધીના જવાબ લેતાં આરોપીઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ અને પોતાના વિરૂદ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માંગણી કરેલ.

(૬) ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પૂરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ "સી" મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયેલા છે.

(૭) સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીઓનું ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પોતાની વિરૂદ્ધ રજૂ થયેલ પુરાવાઓની આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે. તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેઓ સામે ખોટી ફરિયાદ કરી, ખોટું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. આરોપીઓ તરફે આંક : ૫૯ થી રજૂ લેખિત દલીલો ધ્યાને લીધી.

(૯) સરકાર પક્ષે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલે રજૂઆત કરેલ છે કે, સદર કામે તપાસવામાં આવેલા સાહેદોના પુરાવાથી મનારને સાસરીમાં આરોપીઓ તરફથી ત્રાસ આપવામા આવતો હતો તેવું સ્પષ્ટપણે પૂરવાર થાય છે. સાહેદોના પુરાવાથી એ હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે કે, આરોપીઓ મરનાર સાથે નાની નાની

બાબતોમાં ઝઘડો કરતા હતા, આરોપી અનિલભાઇ મરનાર ઉપર વહેમ રાખી ઝઘડો કરી મારામારી કરતા હતા. આરોપી વિરલભાઇ પણ મરનારને માર મારતા હતા તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. આમ, રજૂ થયેલ પુરાવાઓથી આરોપીઓ મરનારને મ્હેણાંટોણાં મારી, નાની નાની બાબતોમાં ઝઘડા કરી શારીરિક–માનસિક ત્રાસ આપતા તેવું પૂરવાર થાય છે. આરોપીઓનો ત્રાસ સહન નહીં થતાં મરનાર હંસાબેને ઝેરી દવી પી લઇ આપઘાત કરેલ. તબીબી પુરાવાથી મરનારનું મૃત્યુ ઝેરી દવા પીવાના કારણે થયેલ હોવાની હકીકત પૂરવાર થાય છે, જે ધ્યાને લેતાં આરોપીઓએ મરનારને આપઘાત કરવા માટેનું દુષ્પ્રેરણ કરતાં મરનારે ઝેરી દવા પી લઇ જીવન ટૂંકાવેલ હોવાની હકીકત ફલિત થાય છે. એફ.એસ.એલ.નો અહેવાલથી ઝેરના કારણે હંસાબેનનું મૃત્યુ થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. પોલિસ સાહેદોએ પોતાની ફરજના ભાગરૂપે જે કામગીરી કરેલી તેને સમર્થન આપતો પુરાવો આપેલ છે. આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં આરોપીઓ મરનારને શારીરિક–માનસિક ત્રાસ આપતા હતા અને આરોપીઓનો ત્રાસ સહન નહીં થતાં હંસાબેને ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરેલ હોવાની હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પૂરવાર કરી શકેલ હોવાથી આરોપીઓને દોષિત ઠરાવી સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦) આ કામના આરોપીઓના વિ. વકીલ શ્રી જે. એસ. પારેખે

આંક : ૫૯ ની લેખિત દલીલમાં સાહેદોની જુબાનીમાં જણાવવામાં આવેલ મહત્વની હકીકતો દર્શાવેલ છે. તેઓની વધુમાં રજૂઆત છે કે, ફરિયાદી તથા અન્ય સાહેદોના પુરાવામાં આવે છે કે, મરનાર સાથે આરોપીઓ નાની નાની બાબતોમાં ઝઘડો કરી, મ્હેણાંટોણાં મારી, મારઝૂડ કરી શારિરીક-માનસિક ત્રાસ આપતા હતા, પરંતુ આવો ત્રાસનો બનાવ કોઈ પણ સાહેદે નજરે જોયેલ નથી. મરનાર જયારે ફરિયાદીના ઘરે આવતી ત્યારે આ હકીકત જણાવતી તેમ સાહેદો જણાવે છે. આરોપીઓએ મરનારને કયારે અને કેવી રીતે ત્રાસ આપેલો તે અંગેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. વળી, મરનારે આપઘાત કર્યો તે અગાઉ આરોપીઓ વિરૂદ્ધ ત્રાસ અંગેની કોઈ ફરિયાદ કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. મરનારનું મૃત્યુ ઝેરી દવા પીવાના કારણે થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે, પરંતુ મરનારે આરોપીઓના ત્રાસના કારણે ઝેરી દવા પીધી હતી તેવી હકીકત પૂરવાર થઈ શકેલ નથી. તપાસવામાં આવેલા સાહેદોએ મરનારને મારઝૂડ કરવાનો કે મ્હેણાંટોણાં મારવાનો બનાવ નજરે જોયેલ નથી. ફરિયાદમાં સમાજના લોકોએ વચ્ચે પડી હંસાબેન અને આરોપીઓ વચ્ચે સમાધાન કરાવેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે, પરંતુ તેવી હકીકત ફરિયાદી પોતાના પુરાવામાં જણાવતાં નથી. સાહેદોનો પુરાવો હીયર-સે સ્વરૂપનો છે. સાહેદ દુર્લભભાઈ ચૌધરી, સાહેદ જાનુબેન ચૌધરી, સાહેદ પારૂલબેન ચૌધરીનાઓએ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોવાથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. આરોપીઓની

શરીરસ્થિતિના પંચનામાના પંચ સાહેદો પણ હોસ્ટાઇલ જાહેર થયેલા છે. મરનારનું મૃત્યુ ઝેરી દવા પીવાના કારણે થયેલ હોવાની હકીકતને તબીબી પુરાવાથી તથા એફ.એસ.એલ.ના અહેવાલથી સમર્થન મળે છે, પરંતુ મરનારે આ ઝેરી દવા આરોપીઓના અસહ્ય ત્રાસના કારણે પીધેલી તેવો કોઇ સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આરોપીઓ તરફથી મરનારને સતત એવો અસહ્ય ત્રાસ હતો કે મરનારને આપઘાત કરવા સિવાય અન્ય કોઇ વિકલ્પ ન રહે તે મુજબની હકીકત ફરિયાદપક્ષ પૂરવાર કરી શકેલ નથી. રજૂ થયેલ પુરાવાઓથી આરોપીઓ મરનારને શારીરિક–માનસિત્ર ત્રાસ આપતા હતા અને તેના કારણે હંસાબેને ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરેલ તેવી હકીકત પૂરવાર થતી નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ ન હોવાથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

(૧૧) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઇ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબા મુદ્ધાઓ ઊપસ્થિત થયેલા છે.

**–:: મુદ્ધાઓ ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, મરણ જનાર હંસાબેન છનાભાઇનું મૃત્યુ ઝેરી દવા પીવાના કારણે અકુદરતી રીતે થયેલું?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, આરોપીઓએ ભેગા મળી મરણ જનાર હંસાબેન અનિલભાઇ ચૌધરી સાથે અવારનવાર બોલાચાલી, ઝઘડો, તકરાર કરી મ્હેણાં-ટોણાં મારી શારીરિક-માનસિક ત્રાસ આપી મરી જવા માટે દુષ્પ્રેરણ કરતાં હંસાબેન તારીખ : ૦૭/૧૦/૨૦૧૮ ના રોજ રાત્રિના ૦૧:૦૦ વાગ્યા પહેલા હર કોઇ વખતે પોતાની સાસરીમાં ઝેરી દવા પી જઇ મરણ પામેલા, તેમ કરી આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૬, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

(૩) શું હુકમ?

(૧૨) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિર્ણયો ::-**

(૧) હકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નંબર - ૧ :-**

(૧૩) આ કામે ફરિયાદપક્ષના કેસ મુજબ મરનાર હંસાબેન અનિલભાઇ ચૌધરીનાઓ ઝેરી દવા પીવાના કારણે મરણ પામેલા. ફરિયાદપક્ષ તરફે શબ પરીક્ષણ

કરનાર ડૉ. હિતેષ કિશોરભાઇ ગાભાણીને આંક : ૨૫ થી તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ તારીખ : ૦૭/૧૦/૨૦૧૮ ના રોજ તેઓ મેડિકલ ઓફિસર તરીકે પી.એચ.સી., તડકેશ્વર ખાતે ફરજ ઉપર હતા ત્યારે હંસાબેનની લાશ શબ પરીક્ષણ માટે તેઓ સમક્ષ લાવવામાં આવતાં તેઓએ તે દિવસે ૧૧:૩૦ કલાકે શબ પરીક્ષણ શરૂ કરી ૧૨:૪૫ કલાકે પૂર્ણ કરેલ. આ સાહેદના પુરાવા મુજબ લાશ આશરે ૨૦ વર્ષની ઉંમરની સ્ત્રીની હતી. લાશ ઉપર પી.એમ. લીવીડીટી જણાયેલ અને અકડાઇ જવાની પ્રક્રિયા શરૂ થયેલ હતી. લાશનું મોઢું અર્ધખુલ્લુ હતું અને ડાબી બાજુા નસકોરાંમાંથી ફીણ બહાર આવતું હતું. લાશ ઉપર કોઇ બાહ્ય ઇજા જોવા મળેલ નહીં. આંતરિક પરીક્ષણ કરતાં મોટી રક્તવાહિનીમાં થોડું જામી ગયેલ લોહી જણાયેલ, પેટની દીવાલ તથા અંદરની ત્વચાનું આવરણ ફીક્કા હતા, પેટનું પોલાણ, મોઢું, જીભ, કંઠનળી, અન્નાશય, બરોળ, મૂત્રપિંડો તથા અન્નનળી કન્જસ્ટેડ હતા, યકૃત અને પિત્તાશય ફીક્કા હતાં. જનેન્દ્રિય તથા કરોડરજ્જુ ઉપર કોઇ ઇજા જણાયેલ નહીં. આ સાહેદે લાશ ઉપરથી હોજરી અને તેમાંથી મળેલ તત્વો, લીવર, ફેંફસું, સ્પ્લીનના ભાગ, કિડનીનો ભાગ એફ.એસ.એલ.માં મોકલવા માટે લીધેલ અને લોહીનો નમૂનો એનાલિસિસ માટે લીધેલ. આ સાહેદના અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ ઝેરના કારણે હૃદય અને ફેંફસું બંધ થવાના કારણે થયેલ હોઇ શકે અને એફ.એસ.એલ.ના રિપોર્ટ બાદ ફાઇનલ કારણ જણાવી શકાય. આંક : ૨૬ થી પી.એમ. નોટ રજૂ થયેલ છે. સદર કામે આંક : ૨૭ થી

રજૂ થયેલ છે. ફાઇનલ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ આંક : ૫૪ થી રજૂ થયેલ છે. આ સાહેદની ઊલટતપાસ જોતાં પી.એમ. બાદ મૃત્યુનું કારણ જણાવી શકેલા નહીં. તેઓના કહેવા મુજબ એફ.એસ.એલ.ના રિપોર્ટ બાદ કારણ જણાવી શકાય. સદર કામે આંક : ૫૬ થી એફ.એસ.એલ.નો ઝેરશાસ્ત્ર વિભાગનો અહેવાલ રજૂ થયેલ છે. સદર અહેવાલ મુજબ માર્ક "બી" પથ્થર સાથેની માટીમાં ઝેરની હાજરી જણાયેલ નહીં, તે સિવાય માર્ક "એ" પથ્થર સાથેની માટીમાં, માર્ક "સી" ના દાણાદાર પદાર્થમાં, માર્ક "ડી" મનારના વિશેરામાં તથા માર્ક "ઈ" મરનારના લોહીમાં ઓર્ગેનો ફોસ્ફરસ પ્રકારના રાસાયણિક ઝેર "ફોરેટ" ની હાજરી જણાઈ આવેલ. સદર કામે આંક : ૫૪ થી ફાઇનલ કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ રજૂ થયેલ છે. સદર સર્ટીફીકેટ મુજબ મરનારનું મૃત્યુ ઓર્ગેનો ફોસ્ફરસ ફોરેટ ઝેરના કારણે ફેકાર્ડિયોપલ્મોનરી એરેસ્ટના કારણે થયેલ હતું. ઉપરકત હકીકતો ધ્યાને લેતાં મરનારનું મૃત્યુ ઝેરના કારણે થયેલ હોવાની હકીકત એફ.એસ.એલ.ના ઝેરશાસ્ત્ર વિભાગના અહેવાલ તથા કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ પરથી જણાઈ આવે છે. આમ, મરનાર હંસાબેન અનિલભાઈ ચૌધરીનાઓનું મૃત્યુ ઝેરના કારણે થયેલ હોવાની એટલે કે હંસાબેનનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ પૂરતાં પુરાવાઓથી પૂરવાર કરી શકેલ છે, તેથી **મુદ્દા નંબર : ૧ નો નિર્ણય હકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર – ૨ :–**

(૧૪) આ કામે પુરાવાની ચર્ચા કરતાં અગાઉ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ ધ્યાને લેવી આવશ્યક જણાય છે, જે નીચે મુજબ છે.

**કલમ–૩૦૬ :– આપઘાતનું દુષ્પ્રેરણ.**

કોઈ વ્યક્તિ આપઘાત કરે તો તેમ કરવાનું જે કોઈ વ્યક્તિએ તેને દુષ્પ્રેરણ કર્યું હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૧૪.૧) ફરિયાદપક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ નો ગુનો સાબિત કરવા સારૂ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ માં વર્ણવેલ તત્વો પૂરવાર થાય છે કે કેમ તે સાબિત કરવાનું રહે છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૧૦૭ નીચે મુજબ છે.

**કલમ–૧૦૭ :– કૃત્યનું દુષ્પ્રેરણ.**

જે વ્યક્તિ ;

**પહેલું** – કોઈ કૃત્ય કરવા માટે કોઈ બીજી વ્યક્તિને ઉશ્કેરે, અથવા

**બીજું** – કોઈ કૃત્ય કરવા માટે બીજી એક કે વધુ વ્યક્તિઓ સાથે કોઈ કાવતરામાં સામેલ થાય અને તે કાવતરાને અનુસરીને અને તે કરવા માટે કોઈ કૃત્ય કરવામાં આવે કે કરવાનું ગેરકાયદેસર રીતે ટાળવામાં

આવે, અથવા

**ત્રીજું**– કોઇ કૃત્ય કરીને કે કરવાનું ગેરકાયદેસર રીતે ટાળીને કોઇ કૃત્ય કરવામાં ઈરાદાપૂર્વક મદદ કરે, તે વ્યક્તિ તે કૃત્યનું દુષ્પ્રેરણ કરે છે.

(૧૫) ઉપરોકત જોગવાઇ ધ્યાને રાખી ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો, ફરિયાદપક્ષે સાહેદ નંબર : ૧ ગુમાનભાઇ ગુલાબભાઇ ચૌધરીને આંક : ૧૩ થી તપાસવામાં આવેલા છે, જેઓ આ કામના ફરિયાદી છે અને મરનારના કાકા થતા હતા. તેઓના જણાવ્યા મુજબ મરણ જનાર હંસાબેન દસ વર્ષના હતા ત્યારથી તેમની સાથે રહેતા હતા અને મરણ જનારના લગ્ન આરોપી નંબર : ૧ સાથે આશરે ચારેક વર્ષ અગાઉ થયેલા હતા અને તે લગ્નથી એક પુત્રનો જન્મ થયેલ. મરણ જનાર, આરોપી નંબર : ૧ તેમના પતિ, આરોપી નંબર : ૨ દીયર અને આરોપી નંબર : ૩ સાસુ તથા સસરા સાથે સંયુકત કુટુંબમાં વસવાટ કરતા હતા. આ સાહેદના જણાવ્યા મુજબ હંસાબેનને તેમના પતિ વહેમ રાખીને માર મારતા હતા. આરોપી નંબર : ૩ સાસુ આરોપી નંબર : ૧ ને ચઢવણી કરતા હતા અને આરોપી નંબર : ૩ પણ હંસાબેનને માર મારતા હતા. આ સાહેદના જણાવ્યા મુજબ બનાવની જાણ આરોપી નંબર : ૩ નાએ તેમને કરેલ અને તેથી ફરિયાદી અને તેમના પત્ની પદમાબેન તેમજ પુત્ર ધર્મેશ અને કાકા દુર્લભભાઇ બધા મરનારની સાસરીમાં ગયેલા, ત્યારે મરનાર બેભાન હાલતમાં હતા. બાદ તેમને સરકારી દવાખાને લઇ જવામાં આવતાં ડૉકટરે તેમને મરણ જાહેર કરેલા. આ સાહેદે

આંક : ૧૪ થી તેમની ફરિયાદ રજૂ કરેલ છે. ફરિયાદીની ઊલટતપાસ જોવામાં આવે તો, મરનાર તેમના ભત્રીજીએ પોલિસ સ્ટેશનમાં ત્રાસ અને મારઝૂડની અરજી કરેલી. આ સાહેદે પોલિસ સ્ટેશનમાં જે ફરિયાદ કરેલી તેમાં સમાધાન થયેલું અને આ સમાધાન હંસાબેને કરેલ અને તે સમાધાનની નકલ પોલિસ સ્ટેશનમાં પણ આપવામાં આવેલી. ફરિયાદીએ જણાવેલ છે કે, તારીખ : ૦૭/૧૦/૨૦૧૦ ના રોજ રાત્રે બે વાગ્યે તેઓ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપવા ગયેલા. ફરિયાદીએ સ્વીકારેલ છે કે, હંસાબેન બનાવ અગાઉ કઇ તારીખે અને કયા સમયે આવેલા તે તેઓ કહી શકે નહીં. વળી, હંસાબેનને ઝેરી દવા પીવડાવેલ તે તેઓએ નજરે જોયેલ પણ નથી. હંસાબેને જાતે ઝેરી દવા પી લીધેલ કે કોઇએ પીવડાવેલ તે પણ તેઓએ જોયેલ નથી, કારણ કે બનાવ મરનારની સાસરીમાં બનેલો. હંસાબેનને આરોપીઓ મ્હેણાંટોણાં મારતા હતા તેવું તેઓએ પોલિસમાં લખાવેલ, પણ શું મ્હેણાંટોણાં મારતા હતા તે તેઓએ લખાવેલ નથી. ફરિયાદીએ ઊલટતપાસમાં જણાવલે છે કે, તેના પત્ની પદમાબેને તેમને જણાવેલ કે, આરોપીઓ હંસાબેનને ત્રાસ આપે છે, પણ આવી હકીકત હંસાબેને તેઓને રૂબરૂ જણાવેલ નથી.

(૧૫.૧) આમ, ફરિયાદીનો ઉપરોકત પુરાવો જોતાં એ હકીકત સ્પષ્ટ થતી નથી કે, મરણ જનારને તેમના પતિ કઇ બાબતનો વહેમ રાખી મારતા હતા તેમજ આરોપી નંબર : ૩ દીયર પણ મરણ જનારને કયા કારણે માર મારતા હતા તેવું કાંઇ આ

સાહેદ જણાવતાં નથી. તેવી જ રીતે આરોપી નંબર : ૨ પણ આરોપી નંબર : ૧ ને શું ચઢવણી કરતા હતા તેની વિગત ફરિયાદી જણાવતાં નથી. ઊલટતપાસમાં ફરિયાદીએ જણાવેલ કે, ફરિયાદ આપતાં અગાઉ આરોપીઓ સામે થયેલ ફરિયાદમાં સમાધાન કરવામાં આવેલું, પરંતુ આવી કોઇ ફરિયાદ કે સમાધાન રેકર્ડ ઉપર આવેલ નથી. મરણ જનારને કયા અરસામાં અને કેવી રીતે તથા કેવા પ્રકારનો ત્રાસ આરોપીઓ દ્વારા આપવામાં આવતો હતો તે અંગે ફરિયાદીએ તેમના પુરાવામાં કાંઇ જણાવેલ નથી. તદુપરાંત, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં મરણ જનારે કયારેય પણ તેમની રૂબરૂમાં અથવા તો ફોન મારફતે આરોપીઓ દ્વારા ત્રાસ આપવામાં આવતો હોય તેવી હકીકત જણાવેલ હોય તેમ જણાઇ આવતું નથી.

(૧૬) આ કામે સાહેદ નંબર : ૩ તરીકે ધર્મેશભાઇ ગુમાનભાઇ ચૌધરીને આંક : ૧૭ થી તપાસવામાં આવેલા છે, જેઓ મરણ જનાર હંસાબેનના પિતરાઇ ભાઇ થાય છે અને ફરિયાદીના પુત્ર છે. આ સાહેદના જણાવ્યા મુજબ હંસાબેન સાસરીમાં આરોપીઓ તથા સસરા સાથે રહેતા હતા અને નાની નાની બાબતોમાં મરનારનો તેણીના પતિ, સાસુ, સસરા અને દિયર સાથે ઝઘડો થતો હતો અને મરનાર ત્યારે તેઓના ઘરે આવતાં મરનારને સમજાવી સાસરીમાં પરત મોકલી આપતા હતા. આવા ઝઘડા થોડા થોડા સમયે થતા હતા અને આરોપી અનિલભાઇ વહેમ રાખી ઝઘડો કરી મારામારી કરતા હતા તેમ તેઓ જણાવે છે. બનાવના દિવસે આ સાહેદ કામ પરથી ઘરે આવી જમીને સૂઇ

ગયેલા ત્યારે રાત્રે વિરલભાઇએ તેઓના ઘરે આવી હંસાબેનને ઝેરી દવા પી લીધેલ હોવાનું જણાવેલ, જેથી તેઓ બધા હંસાબેનની સાસરીમાં ગયેલા તો હંસાબેન બેભાન અવસ્થામાં હતા અને ફોર વ્હીલમાં સરકારી દવાખાને લઇ જતાં હંસાબેનને મરણ ગયેલ જાહેર કરવામાં આવેલા. આ સાહેદે જણાવેલ છે કે, હંસાબેન સાથે તેણીની સાસરીવાળાઓએ બોલાચાલી, ઝઘડો કરતાં હંસાબેને ઝેરી દવા પીને આત્મહત્યા કરેલી. આ સાહેદની ઊલટતપાસ જોવામાં આવે તો, આ સાહેદ પોલિસ સ્ટેશનમાં ગયેલા ત્યારે તેઓએ કોઇ હકીકત પોલિસને જણાવેલ નહીં. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, પોલિસે સરકારી દવાખાનામાં જાતે બધી હકીકત લખી લીધેલી તેમાં એક જ કાગળમાં તેઓએ સહી કરેલી. આ સાહેદે એ હકીકત પણ સ્વીકારેલ છે કે, હંસાબેનની સાસરીમાં હંસાબેન સાથે નાની નાની બાબતોમાં કઇ તારીખે, કયા સમયે, કયા વર્ષે પતિ, સાસુ, સસરા અને દીયર સાથે ઝઘડો થતો હતો તેની તેઓને ચોકકસ ખબર નથી. હંસાબેન તેઓને ઘરે કયા વારે, કઇ તારીખે, કયા વર્ષે આવતા તેની પણ તેઓને ખબર નથી. હંસાબેનને સમજાવવાની વાત કઇ તારીખે, કયા વારે અને કયા વર્ષે થયેલ તેની પણ આ સાહેદને ખબર નથી. હંસાબેન ઉપર વહેમ રાખી તે અંગે કઇ તારીખે, કયા વર્ષે ઝઘડો થયેલો, મારઝૂડ કરેલી તેની પણ આ સાહેદને ખબર નથી. આ સાહેદે હંસાબેનને આરોપીઓએ શારીરિક ત્રાસ આપેલ હોય તેવું તેઓએ નજરે જોયેલ નથી. હંસાબેન વારંવાર માંદા પડતા હોય અને દાકતરી સારવાર કરાવવી પડતી હોય તેવું બનેલ નથી

તેમ તેઓ જણાવે છે. હંસાબેન લાગણીશીલ હોવાથી નાની નાની બાબતોમાં લાગી આવતાં ઝેર પી આત્મહત્યા કરેલ હોવાનો તેઓએ ઇન્કાર કરેલ છે.

(૧૬.૧) આમ, આ સાહેદનો પુરાવો જોતાં ફરિયાદીએ જે પ્રમાણેનો પુરાવો આપેલ છે તે જ પ્રમાણે આ સાહેદે પુરાવો આપેલ હોવાનું જણાય છે અને તેમાં કઇ બાબતે મરણ જનારનો આરોપીઓ સાથે ઝઘડો થતો હતો, કઇ બાબતે આરોપી નંબર : ૧ વહેમ રાખી ઝઘડો કરતા હતા અને માર મારતા હતા તેવી કોઇ હકીકત જણાવેલ નથી. તદુપરાંત, આરોપી નંબર : ૩ નાઓ હંસાબેનને મારતા હતા તેવી હકીકત પણ આ સાહેદે જણાવેલ નથી. વધુમાં મરણ જનારને કયારે, કઇ બાબતે આરોપીઓ સાથે ઝઘડો થતો હતો તેવી કોઇ વગતો તેમને ખબર ન હોવાનું ઊલટતપાસમાં કબૂલ કરેલ છે. આસાહેદે હંસાબેને ક્યારે આરોપીઓના ત્રાસ અંગેની વાત રૂબરૂમાં કરેલ હોય તેમ જણાવતાં નથી.

(૧૭) સાહેદ પદમાબેન ગુમાનભાઇ ચૌધરીને આંક : ૧૮ થી તપાસવામાં આવેલા છે. મરનાર હંસાબેન આ સાહેદના બહેની દીકરી થતી હતી. હંસાબેન આ સાહેદ સાથે દસેક વર્ષ રહેલા અને હંસાબેનના લગ્ન અનિલભાઇ ચૌધરી સાથે થયેલા અને લગ્નજીવનથી હંસાબેને પુત્ર પ્રણવને જન્મ આપેલ. આ સાહેદના પુરાવા મુજબ હંસાબેન સાસરીમાં આરોપીઓ સાથે રહેતી હતી અને અવારનવાર તેઓના ઘરે પણ આવજાવ કરતી હતી. આ સાહેદને હંસાબેને જણાવેલ કે, નાની નાની

બાબતોમાં ઝઘડો થતો હતો અને આરોપીઓ મારે છે. તારીખ : ૦૬/૧૦/૨૦૧૮ ના રોજ આ સાહેદ ઘરે હતા અને તેમના પતિ અને દીકરો કામ પરથી રાત્રે ઘરે આવતાં આ સાહેદે જણાવેલ કે, હંસાબેન ઘરે આવેલી અને કહેલું કે, તેણીને આજે મારેલ છે, તેણી છોકરાને મૂકવા બાળમંદિરે ગયેલ અને નાની બાબતે ઝઘડો કરી પતિ અનિલે મારેલ, સાસુએ કહેલ કે, જયાં જાયને મરી જા, તું મને જોઇએ નહીં, જેથી આ સાહેદે હંસાબેનને સાસરીમાં જઇશ નહીં અને માસા આવે ત્યારે જાણ કરવા કહેલું. હંસાબેને જણાવેલ કે, તેમનો છોકરો પ્રણવ રાહ જોતો હશે તેમ કહી સાસરીમાં ગયેલ. તેઓ બીજા દિવસે બોલાવવા જવાના હતા, પણ રાત્રે આરોપી વિરલે આવી હંસાબેને ઝેરી દવા પી લીધેલ હોવાનું જણાવતાં તેઓ બધા આરોપીઓના ઘરે ગયેલા, જયાં હંસાબેન બેભાન અવસ્થામાં પડેલ હતા. હંસાબેનને રામસિંગભાઇની ગાડીમાં સરકારી દવાખાને લઇ જતાં હંસાબેનને મરણ જાહેર કરેલા.

(૧૭.૧) આ સાહેદની ઊલટતપાસ જોઇએ તો, તારીખ : ૦૬/૧૦/૨૦૧૮ પહેલા હંસાબેન તેઓના ઘરે આવેલા નહીં અને હંસાબેન સાસરીમાં જ હતા. હંસાબેનની સાસરીમાં ઝઘડો તેઓએ નજરે જોયેલ નથી. હંસાબેનને તેના દીયર વેલણથી મારતા હતા તે પણ તેઓએ નજરે જોયેલ નથી, પણ હંસાબેનને તેણીના સાસુ અને સસરા મારતા હતા તે હકીકત હંસાબેને તેઓને જણાવેલ. તારીખ : ૦૬/૧૦/૨૦૧૮ ના રોજ હંસાબેને તેમના ઘરે આવી હકીકત જણાવેલ તે તેઓએ નજરે જોયેલ નથી. હંસાબેનને

સાસુએ જે મ્હેણાં મારેલા તે તેઓએ રૂબરૂ સાંભળેલ નથી, પણ હંસાબેને જણાવેલ. આ સાહેદે સ્વીકારેલ છે કે, હંસાબેન લાગણીશીલ હતા અને ની નાની બાબતમાં લાગી આવતું હતું. હંસાબેનની સારવાર ચાલતી હતી તે અંગે આ સાહેદને કશી ખબર નથી. આ સાહેદને આરોપીઓ સાથે બનતું નથી. આ સાહેદે સ્વીકારેલ છે કે, આરોપીઓ વિરૂદ્ધ અદાવતના કારણે ખોટી જુબાની આપેલ છે.

(૧૭.૨) આમ, આ સાહેદનો પુરાવો જોતાં હંસાબેનને તેમની સાસરીવાળાઓ નાની નાની બાબતોમાં ઝઘડો કરતા હોવાની વાત હંસાબેને જણાવેલ હોવાનું આ સાહેદ જણાવે છે. બનાવના દિવસે એટલે કે તારીખ : ૦૬/૧૦/૨૦૧૮ ના રોજ પણ મરણ જનારે હાલના સાહેદને ઝઘડો કરેલાનું તથા માર મારેલાનું જણાવેલ. આ સાહેદના જણાવ્યા મુજબ હંસાબેને જયારે તેમને આ વાત જણાવેલ ત્યારે તેમના પતિ એટલે કે ફરિયાદી અને દીકરો ધર્મેશ સાહેદ નંબર : ૩ નાએ ઘરે આવી ગયેલા, પરંતુ આ બંને સાહેદો તારીખ : ૦૬/૧૦/૨૦૧૮ ના રોજ હંસાબેનને માર મારેલાની હકીકત હાલના સાહેદ પદમાબેને જણાવેલ હોય તેવું જણાઈ આવતું નથી. પદમાબેને તેમના પુરાવામાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, તારીખ : ૦૬/૧૦/૨૦૧૮ પહેલા હંસાબેન તેમના ઘરે આવેલા ન હતા અને તેમણે ક્યારેય હંસેબનની સાસરીમાં થતાં ઝઘડા નજરે જોયેલ નથી. વધુમાં આ સાહેદનો પુરાવો જોતાં જણાય છે કે, આરોપીઓ સાથે તેમને બનતું ન હતું, તેવા સંજોગોમાં રસ ધરાવતા સાહેદ સિવાય અન્ય સાહેદોનો પુરાવો લક્ષમાં લેવો

જરૂરી બની રહે છે.

(૧૮) આ કામે સાહેદ નંબર : ૯ દુર્લભભાઇ ઉક્કડભાઇ ચૌધરીને આંક : ૩૫ થી તપાસવામાં આવેલા છે, જેઓ ફરિયાદીના કાકા થાય છે. આ સાહેદને ફરિયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે. આ સાહેદે સરતપાસમાં આરોપી નંબર : ૧ અને મરણ જનાર વચ્ચે ઝઘડા થતાં હોવા બાબતે કાંઇ ખબર ન હોવાનું જણાવેલ છે. હંસાબેને કયા કારણસર દવા પીધેલ તેની આ સાહેદને જાણ ન હોવાનું તેમજ પદમાબેને તેમને કાંઇ જણાવેલ ન હોવાનું તેમનો પુરાવો જોતાં જણાઇ આવે છે.

(૧૯) આ કામે સાહેદ નંબર : ૧૦ જાનુબેન દુર્લભભાઇ ચૌધરીને આંક : ૩૬ થી તપાસવામાં આવેલા છે, જેઓ સાહેદ નંબર : ૯ દુર્લભભાઇ ચૌધરીના પત્ની છે. આ સાહેદના પુરાવા મુજબ હંસાબેનના લગ્ન અનિલભાઇ સાથે થયેલા અને લગ્ન બાદ હંસાબેન સાસરીમાં આરોપીઓ સાથે રહેતા હતા, પરંતુ હંસાબેન અને અનિલભાઇ વચ્ચે ઝઘડા થતા હતા કે કેમ તેની આ સાહેદને ખબર નથી. હંસાબેન કેવી રીતે અને કયા કારણસર ગુજરી ગયેલા તેની પણ આ સાહેદને ખબર નથી. આ સાહેદ બનાવ અંગે કશું જાણતાં નથી. આરોપીઓના ત્રાસના કારણે હંસાબેને દવા પીને આત્મહત્યા કરેલ હોય તેની આ સાહેદને ખબર નથી. આ સાહેદને પણ ફરિયાદક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે. આ સાહેદની આરોપીઓ તરફે કોઇ ઊલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, આ સાહેદનો પુરાવો જોતાં મરનારના લગ્ન આરોપી

અનિલભાઇ સાથે થયેલ હોવાનું આ સાહેદ જણાવે છે, પરંતુ અનિલભાઇ અને મરનાર વચ્ચે ઝઘડા થતા હતા તે અંગે તથા બનાવ અંગે આ સાહેદની કશી ખબર નથી. હંસાબેને આરોપીઓના ત્રાસના કારણે ઝેરી દવા પી લીધી હોય તેવું આ સાહેદના પુરાવામાંથી જણાઇ આવતું નથી. મરનારને આરોપીઓ તરફથી ત્રાસ હોવા અંગેની કોઇ હકીકત તથા મરનારને આપઘાત કરવા માટે આરોપીઓએ દુષ્પ્રેરણ કરેલ હોવાની હકીકત આ સાહેદના પુરાવામાંથી જણાઇ આવતી નથી.

(૨૦) સાહેદ નંબર : ૧૧ પારૂલબેન મિતુલભાઇ ચૌધરીનો આંક : ૩૮ નો પુરાવો જોતાં એવી હકીકત જણાઇ આવે છે કે, હંસાબેનના લગ્ન આરોપી અનિલભાઇ સાથે થયેલા અને લગ્ન બાદ હંસાબેન આરોપીઓને ત્યાં સાસરીમાં રહેતા હતા, પરંતુ હંસાબેન કેવી રીતે ગુજરી ગયેલા તેની આ સાહેદને ખબર નથી. પદમાબેને આ સાહેદને જણાવેલ કે, હંસાબેને ઝેરી દવા પી લીધેલ છે. હંસાબેને ઝેરી દવા શા માટે પી લીધેલ તે અંગે આ સાહેદને કશી માહિતી નથી. આરોપીઓ તરફથી મરનારને ત્રાસ આપવામાં આવતો હતો અને તે ત્રાસના કારણે હંસાબેને આત્મહત્યા કરેલ તેનો આ સાહેદે ઈન્કાર કરેલ છે. આ સાહેદને પણ ફરિયાદપક્ષ તરફે હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે. આમ, આ સાહેદના પુરાવામાંથી આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૨૦.૧) આમ, ઉપરોકત તમામ સ્વતંત્ર સાહેદો દુર્લભભાઇ ચૌધરી,

જાનુબેન ચૌધરી તથા પારૂલબેન ચૌધરીનો પુરાવો જોતાં તેઓ હંસાબેનને ઓળખતા હોવાનું જણાઇ આવે છે, પરંતુ હંસાબેન અને આરોપી નંબર : ૧ વચ્ચે કોઇ ઝઘડા હોવાની બાબત ખબર ન હોવાનું તેઓએ જણાવેલ છે. જયારે સાહેદ નંબર : ૧ ફરિયાદી ગુમાનભાઇ ચૌધરી, સાહેદ નંબર : ૩ ધર્મેશભાઇ ચૌધરી, સાહેદ નંબર : ૪ પદમાબેન કે જેઓ હિત ધરાવતા સાહેદો છે, તેઓના પુરાવા ઉપરથી પણ મરણ જનારને આરોપીઓ દ્વારા સતત એવો ત્રાસ આપવામાં આવેતો હતો કે જેના કારણે મરણ જનાર પાસે આપઘાત કર્યા સિવાય કોઇ વિકલ્પ રહેલ ન હતો તેવું ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરવાર કરી શકેલ હોવાનું જણાતું નથી.

(૨૧) ફરિયાદપક્ષ તરફે પંચ સાહેદ સુમિત્રાબેન ધર્મેશભાઇ ચૌધરીને આંક : ૧૫ થી તપાસવામાં આવેલા છે, જેઓ આંક : ૧૬ ના ઇન્કવેસ્ટ પંચનામાના પંચ સાહેદ છે. તેઓનો પુરાવો જોઇએ તો, આ સાહેદે પી.એમ. રૂમમાં હંસાબેનની લાશ જોયેલી. હંસાબેનની લાશ ઉપર મારઝૂડના નિશાનો હતા નહીં. લાશનું પંચનામું પોલિસે લખેલ, જેમાં આ સાહેદે તથા બીજા પંચોએ સહી કરેલી. ઊલટતપાસમાં જોતાં આ સાહેદને પંચનામાના લખાણ અંગે કશી ખબર નથી અને પોલિસના કહેવાથી સહી કરેલ હોવાનું જણાવેલ છે. હંસાબેનની લાશ છે તેમ પોલિસે જણાવેલ. આમ, આ સાહેદનો પુરાવો જોતાં મરનાર હંસાબેનના શરીરે મારઝૂડના કોઇ નિશાનો ન હતા તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે. આ સાહેદના પુરાવામાંથી આરોપીઓ વિરૂદ્ધની કોઇ હકીકત જણાઇ

આવતી નથી.

(૨૨) પંચ સાહેદ નારસિંગભાઇ રવજીભાઇ ચૌધરીનો આંક : ૨૦ નો પુરાવો જોઇએ તો, હંસાબેને જે જગ્યાએ ઉલ્ટી કરેલી તે જગ્યાએથી વોમિટવાળી માટી પોલિસે કબજે કરવામાં આવેલ હોવાની આંક : ૨૧ ના ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને આ સાહેદે સમર્થન કરેલ છે. આ સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નંબર : ૧ થી ૩ ઓળખી બતાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ જોતાં એ હકીકત જણાઇ આવે છે કે, પોલિસે પંચનામાનું લખાણ તૈયાર કરેલ અને તૈયાર લખાણમાં આ સાહેદની તથા બીજા પંચની સહી લેવામાં આવેલી. તેઓની રૂબરૂમાં માટી કબજે કરવામાં આવેલ તે કયા ખેતરમાંથી કબજે કરવામાં આવેલ તેની આ સાહેદને ખબર નથી. આ સિવાય બીજી કોઇ મહત્વની હકીકત તેમના પુરાવામાંથી જણાઇ આવતી નથી. આ સાહેદના પુરાવામાંથી ઉલ્ટીવાળી માટી પોલિસે પંચનામા અન્વયે કબજે કરેલ હોવાની હકીકકત પૂરવાર થાય છે, પરંતુ આ હકીકત આરોપીઓને દોષિત ઠરાવવા માટેનો આધાર બની શકતી નથી.

(૨૩) આંક : ૩૩ થી આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામું રજૂ થયેલ છે, જે પૂરવાર કરવા પંચ સાહેદ ઠાકોરભાઇ નગીનભાઇ તવડીયાને આંક : ૩૨ થી તથા બીજા પંચ સાહેદ હર્મીશભાઇ ઠાકોરભાઇ સોલંકીને આંક : ૩૪ થી તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદોનો પુરાવો જોઇએ તો પોલિસે તેઓની કોરા કાગળ ઉપર સહી લીધેલી. તેઓની હાજરીમાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આમ, આ પંચ સાહેદો

પંચનામા અંગે કશું જાણતાં નથી અને ફકત પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ પંચ સાહેદોને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે. આ પંચ સાહેદોના પુરાવાથી આંક : ૩૩ નું પંચનામું પૂરવાર થઇ શકેલ નથી.

(૨૪) સાહેદ દિલ્પેશકુમાર જયંતિલાલ પ્રજાપતિનો આંક : ૩૯ નો પુરાવો જોઇએ તો, આંક : ૪૦ ની યાદી મળતાં આ સાહેદે બનાવવાળી જગ્યાનું નિરીક્ષણ કરેલ, પરંતુ આરોપીઓના ઘરમાં કોઇ નોંધપાત્ર નિશાનો જોવા મળેલા નહીં. ઘરની પાછળના ભાગે દરવાજાની ખુલ્લી જગ્યામાં થોડી ભીનાશ જણાયેલ, જયાં મરનારે ઉલ્ટી કરેલ હોવાનું જણાયેલ. આ સાહેદે પંચનામા અન્વયે કબજે લીધેલ ઉલ્ટીવાળી માટી વિગેરે એફ.એસ.એલ.માં મોકલવા સૂચન કરેલ. આમ, સદર સાહેદનો પુરાવો જોતાં બનાવવાળી જગ્યાએ કોઇ નોંધપાત્ર નિશાનો જણાયેલા નહીં. વાડામાં ખુલ્લી જગ્યાએ મરનારે ઉલ્ટી કરેલ કે કેમ તે કહી શકાય નહીં તેમ આ સાહેદ જણાવે છે. આ સાહેદે આંક : ૪૧ નો એફ.એસ.એલ.નો સ્થળ નિરીક્ષણ અહેવાલ તૈયાર કરેલ. આમ, સદર સાહેદના પુરાવામાંથી તથા આંક : ૪૧ ના અહેવાલમાંથી આરોપીઓને ગુના સાથે સાંકળતી કોઇ હકીકત જણાઇ આવતી નથી.

(૨૫) સાહેદ સોમાભાઇ લાલાભાઇ ડામોરનો આંક : ૫૦ નો પુરાવો જોઇએ તો, તેઓ બનાવ સમયે માંડવી ખાતે એકઝીકયુટિવ મેજિસ્ટ્રેટ તરીકે નોકરી કરતા હતા ત્યારે વર્ધી આધારે આ સાહેદે મરનાર હંસાબેનની લાશનું આંક : ૧૬ નું ઇન્કવેસ્ટ

પંચનામું પંચોન હાજરીમાં કરેલ. આમ, સદર સાહેદે ઈન્કવેસ્ટ પંચનામું પંચોની હાજરીમાં કરેલ હોવાનું જણાઈ આવે છે. ઊલટતપાસમાંથી બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી.

(૨૬) પોલિસ સાહેદોનો પુરાવો જોઈએ તો, આંક : ૪૨ ના સાહેદ પ્રવિણસિંહ શાંતુભા ગોહિલનાઓ પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે તડકેશ્વર આઉટ પોસ્ટના એ.એસ.આઈ.એ જાહેરાત તેઓ તરફ મોકલતાં તેઓએ અકસ્માત મોત નંબર : ૭૨/૨૦૧૮ થી નોંધેલ અને તપાસ ડી.વાય.એસ.પી. શ્રી એસ. કે. વાળાનાઓને સુપ્રત કરેલ. આંક : ૪૩ થી સ્ટેશન ડાયરીના ઉતારાની નકલ રજૂ થયેલ છે. આમ, સદર સાહેદે અક્સમાત મોતની સ્ટેશન ડાયરીમાં નોંધ કરેલ હોવાનું ફલિત થાય છે, તે સિવાય તેઓએ બીજી કોઈ કામગીરી કરેલ નથી. આંક : ૪૪ ના સાહેદ રંજનબેન ભીખુભાઈ ગાંવીતનો પુરાવો જોઈએ તો તેઓ બનાવ સમયે માંડવી પોલિસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે આ કામની ફરિયાદ તેઓ પાસે આવતાં તેઓએ હાલનો ગુનો દાખલ કરી તપાસ પી.એસ.આઈ. શ્રી જે. એસ. વળવીનાઓને સુપ્રત કરેલ. આંક : ૪૫ થી સ્ટેશન ડાયરીના ઉતારાની ખરી નકલ રજૂ થેયલ છે. આમ, સદર સાહેદે ફરિયાદ આધારે ગુનો નોંધવા પૂરતી જ કામગીરી કરેલ હોવાનું જણાઈ આવે છે.

(૨૭) તપાસનીશ અધિકારી સુદર્શનસિંહજી કરણસિંહજી વાળાની

આંક : ૪૬ ની જુબાની જોઇએ તો, આ સાહેદે અકસ્માત મોત નંબર : ૭૨/૨૦૧૮ ની તપાસ મળતાં એફ.એસ.એલ. અધિકારી મારફતે સ્થળ નિરીક્ષણ કરાવેલ, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી મરનારે કરેલ ઉલ્ટી, પીધેલ ઝેર અને કંટ્રોલ સેમ્પલ કબજે લીધેલ, ઇન્કવેસ્ટ પંચનામું કરાવેલ, પી.એમ. કરાવવા તજવીજ કરેલ, સાહેદોના નિવેદનો લીધેલ અને મુદ્દામાલ એફ.એસ.એલ. તરફ મોકલી આપેલ. આમ, સદર સાહેદે અક્સ્માત મોત સંદર્ભે જે તપાસ કરેલી તે અંગેની હકીકતો જણાવેલ છે. આ સાહેદની ઊલટતપાસ જોતાં ફરિયાદીએ આ સાહેદ રૂબરૂ ફરિયાદ આપેલ હોવાની હકીકત જણાઇ આવે છે. આ સિવાયના પ્રશ્નોનો તેઓએ ઇન્કારમાં જવાબ આપેલ છે. તપાસ અધિકારી જયેશકુમાર સુરેશભાઇ વળવીનો આંક : ૪૯ નો પુરાવો જોઇએ તો, સદર કામની અકસ્માત મોતની તપાસ ડી.વાય.એસ.પી. શ્રી એસ. કે. વાળાએ કરેલી અને તપાસમાં ગુનો બનતો હોવાનું જણાતાં શ્રી વાળા રૂબરૂમાં ગુનો દાખલ થયેલ અને તપાસ આ સાહેદને મળતાં તેઓએ સાહેદોના નિવેદનો લીધેલા, આરોપીઓને પંચનામા અન્વયે અટક કરેલા, આરોપીઓની મેડિકલ તપાસ માટે તજવીજ કરેલ અને પૂરતાં પુરાવા જણાતાં અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ સાહેદની ઊલટતપાસ જોઇએ તો, બનાવવાળી જગ્યાનો નકશો તૈયાર કરાવેલ નથી તથા વિડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરાવેલ નથી. તપાસ દરમ્યાન કોઇ સ્યુસાઇડ નોટ રીકવર થયેલ નથી. અગાઉના તપાસ અધિકારીએ ઝેરની પ્લાસ્ટિકની થેલી કબજે કરેલી, પરંતુ આ ઝેર ક્યાંથી લાવેલા તે અંગેની કોઇ

હકીકત તપાસમાં ખુલેલ નહીં. હાલના કેસ અગાઉ મરનાર કે મરનારના સંબંધીઓએ આરોપીઓ વિરૂદ્ધ પોલિસ સ્ટેશનમાં કોઇ અરજી કરેલ નથી. મરનારના મૃત્યુનું કારણ ફાઇલ પર ખુલેલ નથી તેમ આ સાહેદ જણાવે છે. આમ, તપાસનીશ અધિકારીઓનો પુરાવો જોઇએ તો તેઓએ તપાસ દરમ્યાન કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે, પરંતુ મરનારને આરોપીઓ તરફથી ત્રાસ આપવામાં આવતો હતો અને તેવા ત્રાસના કારણે મરનારે ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરેલાની હકીકત તપાસ દરમ્યાન ખુલવા પામેલ હોય તેમ આ સાહેદોના પુરાવામાંથી જણાઇ આવતું નથી. આરોપીઓની ગુનામાં સંડોવણી દર્શાવતી કોઇ હકીકત આ સાહેદોના પુરાવામાંથી જણાઇ આવતી નથી.

(૨૮) આમ, ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓ જોતાં મરનારનું મૃત્યુ ઝેરી દવા પીવાના કારણે થયેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ તબીબી પુરાવાથી સ્પષ્ટપણે પૂરવાર કરી શકેલ છે. આત્મહત્યા માટે દુષ્પ્રેરણના કેસમાં મરનરના મૃત્યુ સંબંધે આરોપીપક્ષને કોઇ વાંધો હોઇ શકે નહીં, કારણ કે તેવા કેસમાં ફરિયાદપક્ષે ફકત એ સાબિત કરવાનું રહે છે કે, મરનારનું મૃત્યુ આરોપીઓ ધ્વારા આપવામાં આવેલ સતત ત્રાસના કારણે થયેલ. હાલના કેસમાં પડેલ પુરાવો જોતાં અને અગાઉ ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષ નિઃશંકપણે એ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, કયા આરોપી તરફે કયા પ્રકારનો ત્રાસ મરનારને આપવામાં આવતો હતો અને તેવો ત્રાસ લગ્ન થયાના કેટલા સમય બાદથી તેમનું મૃત્યુ થયું ત્યાં સુધી કયા કયા સમયગાળામાં આપવામાં આવેલો.

તદુપરાંત, ફરિયાદપક્ષ એ હકીકત સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે કે, આરોપીઓ દ્વારા મરણ જનારને આપવામાં આવતો ત્રાસ એ પ્રકારનો હતો કે જે મરનારથી સહન ન થતાં તેમણે આત્મહત્યા કરવાનું પગલું ભરેલ. આમ, આરોપીઓ તરફથી મરનારને સતત ત્રાસ આપવામાં આવતો હતો અને આરોપીઓનો ત્રાસ સહન ન થતાં મરનાર હંસાબેને ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પૂરપાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર : ૨ નો જવાબ નકારમાં** આપી મુદ્દા નંબર : ૩ ના નિર્ણય અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના આરોપીઓ (૧) અનિલભાઈ છનાભાઈ ચૌધરી, (૨) વિરલભાઈ છનાભાઈ ચૌધરી તથા (૩) છનીબેન છનાભાઈ ચૌધરીનાઓને ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) તમામ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે દરેક આરોપીએ રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના ૬(છ) મહિનાના સમયગાળા સુધીના જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલતમાં રજૂ કરવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૩૧ મી**, માહે :** જાન્યુઆરી**, સને :** ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૩૧**/**૦૧**/**૨૦૨૫.
**બારડોલી.**

**( રોબિન પી. મોગેરા )**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE- GJ01539